## (1) રેર અર્થ એલીમેન્ટ્સ (Rare Earth Elements) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આવા તત્ત્વો રેડિયોએક્ટિવ હોતા નથી.

(2) આવા તત્ત્વોનો ઉપયોગ આરોગ્ય, ઊર્જા, પર્યાવરણ બચાવ અને સંરક્ષણ ક્ષેત્રે થાય છે.

(3) વિશ્વના કુલ રેર અર્થ તત્ત્વોના ડિપોઝિટ પૈકી ચીન પાસે 80% સ્ત્રોત છે.

(4) વર્તમાન સમયે રેર અર્થ તત્ત્વોની સંખ્યા 17 છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ રેર અર્થ તત્ત્વો એ આવર્ત કોષ્ટકના કુલ 17 તત્ત્વો અથવા ધાતુનો સમૂહ છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ 17 તત્ત્વો પૈકી એક તત્ત્વ પ્રોમેથીયમ (Promethium) રેડિયોએક્ટિવ છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ રેરનો અર્થ જૂજ અથવા ખૂબ જ ઓછામાં પ્રમાણમાં એવો થાય છે. પરંતુ આ તત્ત્વો વાસ્તવિક રીતે 'રેર' નથી. તેનો જથ્થો યોગ્ય પ્રમાણમાં મળી રહે છે.

⇛ આવા તત્ત્વોનો ઉપયોગ વિવિધ ક્ષેત્રો તથા ટેક્નોલોજીમાં થાય છે. તેમના મુખ્ય ઉપયોગો : ઈલેક્ટ્રોનિક્સ, ઊર્જા, કમ્યુનિકેશન, આધુનિક પરિવહન, આરોગ્ય સેવા, પર્યાવરણ બચાવ, રાષ્ટ્રીય સુરક્ષા/સંરક્ષણ વગેરે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ ચીન પાસે વિશ્વના કુલ રેર અર્થની ડિપોઝિટ પૈકી 80% ડિપોઝિટ છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) નેશનલ લિસ્ટ ઓફ એસેન્શીયલ મેડિસિન (NLEM), 2015માંથી કોઈ દવાને દૂર કરવા માટે નીચેનામાંથી કયાં-કયાં કારણો યોગ્ય છે ?**

(1) દવા ઉપર ભારતમાં પ્રતિબંધ લગાવવામાં આવેલો હોય.

(2) વધુ અસરકારકતા તથા નીચા ભાવની અન્ય કોઈ દવા ઉપલબ્ધ થઈ હોય.

(3) જે રોગ માટેની તે દવા હોય તે રોગ હવે ભારત માટે 'નેશનલ હેલ્થ કન્સર્ન' ન હોય.

(4) એન્ટિમાઈક્રોબિઅલ દવાના કિસ્સામાં, ભારતમાં તે દવા બિનઅસરકારક બની હોય.

(A) માત્ર (1) (B) માત્ર (1), (2) અને (4)

(C) માત્ર (2) અને (3) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ ભારતમાં જરૂરી દવાઓનો જથ્થો જાળવવા, તેનું ભાવ નિયમન તથા આયાત–નિકાસને લગતી બાબતોની દેખરેખ કરવા માટે જરૂરી દવાઓને નેશનલ લિસ્ટ ઓફ એસેન્શીયલ મેડિસિનમાં સમાવવામાં આવે છે.

⇛ કોઈ દવાને આ યાદીમાંથી દૂર કરવા માટે નીચેના કારણો/માપદંડો આપવામાં આવ્યા છે :

- દવા ઉપર ભારતમાં પ્રતિબંધ હોય. (આથી, વિધાન (1) સાચું છે.)
- દવાની સલામતી સમક્ષ પ્રશ્નો ઊભા થયાં હોય તથા તેના માટેના રિપોર્ટ આવેલાં હોય.
- અન્ય કોઈ દવા કે જે વધુ અસરકારક, નીચો ભાવ કે વધુ સલામતી ધરાવતી હોય, તે ઉપલબ્ધ થઈ હોય. (આથી, વિધાન (2) સાચું છે.)
- કોઈ રોગનું ભારણ ભારતમાં ઘટયું હોય અને તે હવે ભારતમાં 'નેશનલ હેલ્થ કન્સર્ન' ન હોય તો તે રોગ સાથે સંકળાયેલા દવા. (આથી, વિધાન (3) સાચું છે.)
- એન્ટિમાઈક્રોબિઅલ દવાના કિસ્સામાં, તે દવા ભારતમાં બિનઅસરકારક હોય. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) સુધારેલી કિસાન ક્રેડિટ કાર્ડ યોજના મુજબ નીચેનામાંથી કઈ-કઈ જરૂરિયાતો માટે ક્રેડિટ આપવામાં આવે છે ?**

(1) પોસ્ટ–હાર્વેસ્ટ (લણણી બાદનો) ખર્ચ

(2) ઘર વપરાશની જરૂરિયાતો

(3) પાક ખેડવા માટે ટૂંકા ગાળાનો ખર્ચ

(4) પશુપાલન માટે ટૂંકા ગાળાનો ખર્ચ

(A) માત્ર (1), (3) અને (4)
(B) માત્ર (2)
(C) માત્ર (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ સુધારેલી કિસાન ક્રેડિટ કાર્ડ યોજના મુજબ નીચેની જરૂરિયાતો માટે સમયસરની તથા યોગ્ય ક્રેડિટ આપવામાં આવે છે :

- પાકની ખેતી માટે ટૂંકા ગાળાનો ખર્ચ (આથી, વિધાન (3) સાચું છે.)
- પોસ્ટ–હાર્વેસ્ટ ખર્ચ (આથી, વિધાન (1) સાચું છે.)
- ઉત્પાદન માટે માર્કેટીંગ લોન
- ખેડૂતના ઘર માટેનો વપરાશ ખર્ચ (આથી, વિધાન (2) સાચું છે.)
- ખેતીના સાધનોનું મેઈન્ટેનન્સ કરવા માટેનો ખર્ચ, સંબંધિત કૃષિ પ્રવૃત્તિઓ માટેનો ખર્ચ દા.ત. ડેરી માટેના પશુઓ, માછીમારી, ફૂલ ઉત્પાદન વગેરે.
- પશુપાલન (પક્ષી, માછલી, અન્ય જલીય સજીવ, ઝીંગા વગેરે) માટેનો ટૂંકા ગાળાનો ખર્ચ (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) વાઈ-ફાઈ (Wi-Fi) કોલીંગ સેવા માટે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) જે વિસ્તારોમાં નેટવર્ક મજબૂત ન હોય, તેવાં વિસ્તારો માટે આ સેવા લાભદાયી છે.
(2) તે બ્રોડબેન્ડ દ્વારા ઉપલબ્ધ હાઈ ઈન્ટરનેટ સ્પીડના ઉપયોગ દ્વારા HD વોઈસ કોલ કરે છે.
(3) ગ્રાહકે આ સેવાનો લાભ લેવા માટે સર્વિસ પ્રોવાઈડર પાસેથી યોગય પ્લાનની ખરીદી પૈસા આપીને કરવી પડે છે.
(4) આ કોલ માટે માત્ર એક સામાન્ય એપ્લીકેશનની જ જરૂર પડે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1), (3) અને (4)
(D) માત્ર (1) અને (4)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ બ્રોડબેન્ડ દ્વારા ઉપલબ્ધ હાઈ ઈન્ટરનેટ સ્પીડ દ્વારા ગ્રાહક **HD** વોઈસ કોલનો લાભ વાઈ–ફાઈ કોલીંગ દ્વારા મેળવી શકે છે. (આથી, વિધાન **(2)** સાચું છે.)

⇛ જે વિસ્તારોમાં નેટવર્કની સમસ્યા હોય તેવાં વિસ્તારોમાં આ સેવા લાભદાયી થશે. કારણ કે, આ કોલીંગ નેટવર્કના ઉપયોગ દ્વારા નહીં પરંતુ ઈન્ટરનેટ દ્વારા થાય છે. (આથી, વિધાન **(1)** સાચું છે.)

⇛ આ કોલીંગ વર્તમાન સમયના વોટ્સએપ કોલ જેવું જ છે.

⇛ આ સેવાનો લાભ લેવા માટે કોઈપણ એપ ઈન્સ્ટોલ કરવાની જરૂર હોતી નથી. (આથી, વિધાન **(4)** ખોટું છે.)

⇛ ઉપરાંત સર્વિસ પ્રોવાઈડર આ સેવા માટે કોઈ ખર્ચ લેતું નથી તથા ઈન્ટરનેટ ડેટાનો પણ થોડો જ ઉપયોગ થાય છે. (આથી, વિધાન **(3)** ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) ગોલ્ડીલોક ઝોન (Goldilocks Zone) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) સૂર્યના ગોલ્ડીલોક ઝોનમાં માત્ર પૃથ્વીનો જ સમાવેશ થાય છે.

(2) ગોલ્ડીલોક ઝોનમાં સજીવ તથા પાણી હોય છે.

(3) ગોલ્ડીલોક ઝોન એટલે કોઈ તારાની પાસેનો એવો વિસ્તાર કે જયાં તાપમાન ખૂબ વધુ કે ઓછું ન હોય અને સપાટી પર પ્રવાહી સ્વરૂપે પાણી રહી શકતું હોય.

(4) તેજસ્વી અને મોટાં તારાઓના ગોલ્ડીલોક ઝોન દૂર હોય છે જ્યારે નાના તથા પ્રમાણમાં ઠંડા તારાઓના ગોલ્ડીલોક ઝોન નજીક હોય છે.

(A) માત્ર (1) અને (2)　　(B) માત્ર (2) અને (3)

(C) માત્ર (3) અને (4)　　(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ કોઈ તારાઓની આસપાસના એવા વસવાટ યોગ્ય વિસ્તાર કે જયાં તાપમાન ખૂબ વધારે કે ઓછું ન હોય પરંતુ તે ગ્રહ પર પ્રવાહી પાણીનું અસ્તિત્વ રહી શકે તેટલું હોય, તેવાં વિસ્તારોને ગોલ્ડીલોક ઝોન કહે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આવા ઝોનનું સ્થાન તારાઓનાં પ્રકાર પર આધારિત હોય છે. વધુ તેજસ્વી તથા મોટાં તારાઓ માટે આ ઝોન દૂર હોય છે જ્યારે નાના કદના તથા પ્રમાણમાં ઠંડા તારાઓ માટે આ ઝોન નજીક હોય છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ કોઈ ગ્રહ કે ઉપગ્રહ કોઈ તારાના ગોલ્ડીલોક ઝોનમાં હોય તો તેનો અર્થ એ નથી કે ત્યાં સજીવ અથવા જીવન કે પાણીનું અસ્તિત્વ હોય. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આપણાં સૂર્યના ગોલ્ડીલોક ઝોનમાં માત્ર પૃથ્વીનો જ સમાવેશ થતો નથી પરંતુ શુક્ર અને મંગળનો પણ આ ઝોનમાં સમાવેશ થાય છે. માત્ર આ ગ્રહો વર્તમાન સમયે વસવાટ યોગ્ય નથી. (આથી, વિધાન (1) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા Social Media Icon પર Click કરો.

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

**YouTube**
ICE RAJKOT

**Instagram**
ICE RAJKOT

**Facebook**
like | comment | share
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT